**Financial Express (Guj)**

**January 11, 2016**
**Page No. 8**

### સૂચિત ક્લસ્ટર રાયપુરમાં સ્થપાશે

# સરકારે પાંચમું નવું ઈલેક્ટ્રોનિક ક્લસ્ટર સ્થાપવાની મંજૂરી આપી

**પીટીઆઈ**
નવી દિલ્હી,તા.૧૦

સરકારે પાંચમાં ગ્રીનફિલ્ડ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરને મંજૂરી આપી છે જેની રાયપુરમાં મોબાઈલ ફોન્સ, સોલાર એલઈડી અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો બનાવવા માટે રૂ. ૮૯ કરોડના રોકાણ સાથે સ્થાપના કરવામાં આવશે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ આઈટીના અધિક સચિવ અજય કુમારે કહ્યું હતું કે છત્તીસગઢ સ્ટેટ ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા નવા ઈએમસી સ્થાપવાને મંજૂરી આપવામાં આવી છે.

રાયપુરમાં ઈએમસી ૬૯.૯૮ એકર વિસ્તારમાં ફેલાયેલુ હશે જે ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોના ઉત્પાદનને ટેકો આપતી ઈકો-સિસ્ટમ ધરાવશે.

યોજના રૂ.૮૯.૨૨ કરોડના ખર્ચે પડશે અને કેન્દ્ર સરકાર રૂ.૪૩.૦૭ કરોડ પૂરા પાડશે. સરકાર દેશભરમાં નેશનલ પોલિસી ઓન ઈલેક્ટ્રોનિક્સ ૨૦૧૨ હેઠળ ૨૦૦ ઈએમસી સ્થાપવાની યોજના ધરાવે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ આઈટી (ડીઈઆઈટીવાય) એ ૧૭ ગ્રીનફિલ્ડ ઈએમસીને અગાઉથી સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે.



તેણે અગાઉથી ચાર ઈએમસીને મંજૂરી આપી છે જેમાં મધ્યપ્રદેશમાં બે, રાજસ્થાન અને ઝારખંડ દરેકમાં એકનો સમાવેશ થાય છે. ઈએમસી સ્કીમ હેઠળ, કેન્દ્ર દરેક ૧૦૦ એકરની જમીન માટે રૂ.૫૦ કરોડની મર્યાદા સાથે યોજના ખર્ચના મહત્તમ ૫૦ ટકની મદદ પૂરી પાડે છે. મોટી જમીનો માટે પ્રો-રેટા સિલિંગ અમલમાં મૂકાય છે. સરકાર બ્રાઉનફિલ્ડ ઈએમસી માટે પણ ટેકો આપે છે. બ્રાઉનફિલ્ડ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર્સમાં યોજનાઓ માટે મદદ રૂ.૫૦ કરોડની મર્યાદા સાથે યોજનાના કુલ ખર્ચના ૭૫ ટકા સુધી મર્યાદિત છે.